# શિક્ષકદિનની ઉજવણી

તારીખ:-૦૪/૦૯/૨૦૨૫
વાર:- ગુરૂવાર

## પ્રસ્તાવના:-

ડોક્ટર સર્વપલ્લી રાધાકૃષ્ણનની સ્મૃતિમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવે છે. પાંચમી સપ્ટેમ્બરએ આપણા ભુતપુર્વ રાષ્ટ્રપતિ ડોક્ટર સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ દિવસ શિક્ષક દિન તરીકે સમગ્ર દેશમાં ઉજવવામાં આવે છે.

**પ્રવૃત્તિનો હેતુ:-** આવી પ્રવૃત્તિ શાળામાં ઉજવણી કરવાથી વિદ્યાર્થીઓમાં ગુરુજનો પ્રત્યે આદર સન્માનના સંસ્કાર કેળવાય છે તેમજ તે શિક્ષકોની ફરજ, કાર્યશૈલી , કાર્યકુશળતાને સમજે છે.

## પ્રવૃત્તિની વિગત:-

આજે તારીખ-૦૪-૦૯-૨૦૨૫ ના રોજ શિક્ષક દિનની ઉજવણી ઓ.કે.સી. સંકુલમાં અમારી શાળા ઓમકાર મૌલિક વિદ્યાલયમા કરવામાં આવી હતી. જેમાં શાળાના ધોરણ-૯ અને ૧૦ ના વિદ્યાર્થીઓએ શિક્ષક બનીને ખૂબ સુંદર રીતે અધ્યાપન કાર્ય કર્યું હતું. શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ પોતાના વિષયના વિષયવસ્તુની સારી રીતે તૈયારી કરી રજૂઆત કરી હતી. વર્ગ વ્યવહાર યોગ્ય રીતે કર્યો હતો. વિદ્યાર્થીઓએ પણ વર્ગખંડમાં શિસ્ત જાળવી રાખી સહકાર આપ્યો હતો. વિદ્યાર્થીઓને પણ આજે બનેલા નવા શિક્ષકો પાસેથી બધા જ તાસમાં અલગ અલગ વિષયનું જ્ઞાન મેળવવાની મજા પડી હતી. આમ શિક્ષક દિનની ઉજવણી ખુબ ઉત્સાહપૂર્વક કરી હતી.

શિક્ષક દિનના અંતે વિજેતા શિક્ષકોને પ્રથમ , દ્વિતીય અને તૃતીય નંબર આપવામાં આવ્યા હતા. તેમને તેના માટે પુરસ્કાર પણ આપવામાં આવ્યા હતા. શિક્ષિકા બનેલી વિદ્યાર્થીનીએ શિક્ષક દિનની ઉજવણી અને શિક્ષક તરીકે પોતાનો અનુભવનું વર્ણન કર્યું હતું અને શાળા સંકુલે શિક્ષક બનેલ તમામ વિદ્યાર્થી મિત્રોને અભિનંદન પાઠવ્યા હતા.

## વિજેતા વિદ્યાર્થીઓના નામ :-

પ્રથમ નંબર - ખાંટ જ્યોતિકાબેન એમ.
દ્વિતીય નંબર – મકવાણા નેહાબેન પી.
તૃતીય નંબર – પગી શિલ્પાબેન જે.


**પ્રવૃત્તિ શિક્ષકશ્રીનુ નામ:-** ડામોર મિત્તલબેન વી.




Thursday


Thursday






# આભાર